

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-51 ■ તા. 13-12-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# અમદાવાદ એરપોર્ટ વિવાદ: સરદાર પટેલની EXIT, અદાણી IN

**એરપોર્ટ પર અદાણીના બોર્ડ લાગ્યા જેમાં લખાયું હતું અદાણી એરપોર્ટ, કોંગ્રેસે વિરોધ વ્યક્ત કર્યો અમદાવાદ એરપોર્ટનું સંચાલન ૭ નવેમ્બરથી અદાણીને સોંપવામાં આવ્યું છે જે બાદ પ્રથમ વખત વિવાદ સામે આવ્યો**




અમદાવાદ,તા.૧૨

હવે ગુજરાતમાં પણ અદાણીને લઈને નવો વિવાદ ઊભો થતો દેખાઈ રહ્યો છે અને તેનું કારણ છે અમદાવાદ ઍરપોર્ટ. અમદાવાદ ઍરપોર્ટના નામમાં સરદાર પટેલનું નામ ગાયબ થતાં કોંગ્રેસ ટ્વિટ કરી વિરોધ વ્યક્ત કર્યો છે.

અમદાવાદ ઍરપોર્ટનું સંચાલન ૭ નવેમ્બરથી અદાણીને સોંપાયા બાદ હવે તેના નામને લઈને પ્રથમ વખત વિવાદ સામે આવ્યો છે. અમદાવાદ ઍરપોર્ટનું નામ સરદાર વલ્લભભાઈ પટેલ હતું તેનું હવે નવું નામ અદાણી ઍરપોર્ટ કરી દેવાયું છે.

ઍરપોર્ટ પર અદાણી ઍરપોર્ટ્સના બોર્ડ લગાવી દેવાયા છે જેના પગલે હવે કોંગ્રેસે વિરોધ વ્યક્ત કર્યો છે.

મહત્વનું છે કે થોડા દિવસો અગાઉ દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં સરકાર સાથે નિષ્ફળ વાટાઘાટો બાદ અદાણી અને અંબાણીના પ્રોડક્ટ્સ બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો. જો કે આ મામલે અદાણીએ સત્તાવાર નિવેદન જાહેર કર્યુ હતું અને લોકોનો ભ્રમ દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. અદાણીએ કહ્યું હતું કે અમે સરકાર માટે માત્ર અનાજ સ્ટોર કરીએ છીએ નહીં કે અમે સીધી ખેડૂતો પાસેથી ખરીદી કરીએ છીએ.

બીજી બાજુ ઓસ્ટ્રેલિયામાં પણ અદાણીના કોલસા ઉદ્યોગને લઈને વિરોધ જોવા મળ્યો હતો. તાજેતરમાં જ ભારત અને ઓસ્ટ્રેલિયાની મેચ દરમ્યાન ચાલુ મેચમાં એક શખ્સ કાર્ડ બોર્ડ લઈને મેદાનમાં વિરોધ કરવા પહોંચી ગયો હતો. જેમાં તે અદાણીના કોલ પ્રોજેક્ટને લઈને વિરોધ કરતો જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી ૨૦૧૯માં કેન્દ્ર સરકારે ૬ મુખ્ય એરપોર્ટનું ખાનગીકરણ કર્યું હતુ. તેમાં લખનઉ, અમદાવાદ, જયપુર, મેંગલુરુ, થિરુવનંતપુરમ અને ગુવાહાટી એરપોર્ટ સામેલ છે. એક પ્રતિસ્પર્ધી બોલી પ્રોસેસ બાદ અદાણી ગ્રૂપને ત્રણ એરપોર્ટ ચલાવવાનો અધિકાર મળ્યો હતો. એરપોર્ટ ઓથોરિટી દ્વારા અદાણી ગ્રૂપને અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ, લખનઉ એરપોર્ટ અને મેંગલુરુ એરપોર્ટ સોંપાયા છે.

અમદાવાદ એરપોર્ટ પ્રવાસીઓની સંખ્યાની દ્રષ્ટિએ ભારતનું આઠમું સૌથી વ્યસ્ત એરપોર્ટ ગણાય છે.

અહી રોજના સરેરાશ ૨૫૦ વિમાન ઉડાન ભરે છે. વર્ષ ૨૦૧૪-૧૫માં ૪૮ લાખ પ્રવાસીઓએ આ એરપોર્ટની સેવા લીધી હતી.અમદાવાદ એરપોર્ટની સ્થાપના વર્ષ ૧૯૩૭માં થઇ હતી. આંતરરાષ્ટ્રીય સેવાની શરૂઆત વર્ષ ૧૯૯૨માં થઇ હતી.

અમદાવાદ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય હવાઈમથકનો દરજ્જો ૨૩ મે ૨૦૦૦માં મળ્યો હતો. વર્ષ ૨૦૧૦માં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે નવું ટર્મિનલ ૨ ખુલ્લું મુકવામાં આવ્યુ હતું. સાથે જ સરદાર વલ્લભભાઇ પટેલની ૧૮ ફીટ (૫.૫ મી) ઊંચી પ્રતિમાનું પણ આ એરપોર્ટ ખાતે અનાવરણ કરવામાં આવ્યુ હતું.

## સરદાર વિરોધી, અદાણી પ્રેમી ભાજપ : કોંગ્રેસ

ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ટ્વિટ કરીને લખ્યું હતું કે સરદાર વિરોધી, અદાણી પ્રેમી ભાજપ. સરદાર પટેલના નામ પર માત્ર પોતાના રાજકાજને ચમકાવનારી ભ્રષ્ટ ભાજપ સરકારે ઉદ્યોગપતિ મિત્રની ખુશામતીમાં ગુજરાતના અમદાવાદ ઍરપોર્ટથી દેશના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું નામ ગાયબ કરીને અદાણી ઍરપોર્ટ કરી દીધું છે.

# CBI અસુરક્ષિત: તમિલનાડુમાં કસ્ટડીમાંથી ૧૦૩ કિગ્રા સોનું ગાયબ..!




ચેન્નાઇ,તા.૧૨

તમિલનાડુમાં દરોડા દરમિયાન CBIએ ૧૦૩ કિલોગ્રામથી વધુ સોનુ જપ્ત કર્યું હતું. ૪૫ કરોડ રૂપિયાની કિંમતના આ સોનાને CBIની સેફ કસ્ટડીમાં રાખવામાં આવ્યું હતું, પરંતુ આ સોનું હવે અહીંથી ગાયબ થઈ ગયું છે. મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ CB-CIDને આ સમગ્ર મામલે તપાસના આદેશ આપ્યા છે.જણાવી દઈએ કે, CBIની ટીમે વર્ષ ૨૦૧૨માં ચેન્નઈની સુરાના કોર્પોરેશન લિમિટેડની ઑફિસમાં દરોડા પાડ્યા હતા. ઍમ્એ રેડ દરમિયાન ત્યાંથી સોનાની ઈંટો અને ઘરેણા સહિત ૪૦૦.૫ કિલોગ્રામ સોનુ જપ્ત કર્યું હતું. જપ્ત કરેલા સોનાને સીલ કરીને CBIની સેફ કસ્ટડીમાં રાખવામાં આવ્યું હતું, પરંતુ હવે જપ્ત કરેલા સોનામાંથી ૧૦૩ કિલોગ્રામથી વધુ સોનું ગાયબ છે.આ અંગે CBI તરફથી પ્રાપ્ત જાણકારી અનુસાર, સેફ અને વૉલ્ટ્સની ૭૨ ચાવીઓ ચેન્નઈની પ્રિન્સિપલ સ્પેશિયલ કોર્ટને સોંપી દેવામાં આવી હતી. CBI તરફથી દાવો કરવામાં આવ્યો છે કે, દરોડા દરમિયાન જ્યારે સોનુ જપ્ત કરવામાં આવ્યું હતું, ત્યારે સોનાને એક સાથે જ લઈ જવામાં આવ્યું હતું. જ્યારે SBI અને સુરાના વચ્ચે લોનના મામલાના નિકાલ માટે નિયુક્ત કરવામાં આવેલા લિક્વિડેટરને સોંપતા સમયે વજન અલગ-અલગ કરવામાં આવ્યું છે. આજ કારણ છે કે, સોનાના વજનમાં અંતર જોવા મળી રહ્યું છે.

જસ્ટિસ પ્રકાશે CBIની દલીલને ફગાવતા આ મામલે SP રેક્નના અધિકારીની આગેવાનીમાં CB-CID તપાસનો આદેશ આપ્યો છે.

આ સમગ્ર મામલાની તપાસ ૬ મહિનાની અંદર કરવાનો આદેશ આપતા જસ્ટિસ પ્રકાશે કહ્યું કે, CB-CIDને સમગ્ર મામલે FIR દાખલ કરવા કહ્યું છે. કોર્ટે કહ્યું કે, આ CBI માટે અગ્નિ પરીક્ષા હોઈ શકે છે, પરંતુ તેનું કશું જ નહીં થઈ શકે. જો સીતાની જેમ તેઓ પવિત્ર હશે, તો બચી જશે નહીં તો તેમને તેની સજા ભોગવવી જ રહી.

## FICCI સંમેલનમાં મોદીએ કર્યા કૃષિ કાયદાના વખાણ

# નવા કૃષિ કાયદાથી દરેક ક્ષેત્રે રોકાણ વધશે: મોદી

**ભારતે જે રીતે સ્થિતિને સંભાળી તેનાથી આખી દુનિયા ચકિત છે, વિઘ્નો દૂર કરી રહ્યા છીએ,કૃષિ કાયદાથી નાના ખેડૂતોને લાભ થશે, કૃષિ સાથે જોડાયેલા અવરોધો દૂર કરાઇ રહ્યાં છે, નિયત અને નીતિથી ખેડૂતોનું હિત ઈચ્છીએ છીએ, તેમને સપોર્ટ મળશે તો દેશ મજબૂત બનશે**



*ન્યુ દિલ્હી,તા.૧૨*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય વાણિજ્ય અને ઉદ્યોગ મહાસંઘની ૯૩મી વાર્ષિક સામાન્ય બેઠક અને વાર્ષિક સમ્મેલનનું ઉદ્દઘાટન કર્યુ હતું. આ સંબોધન ડિઝિટલ માધ્યમથી થઇ રહ્યુ છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે વર્ષ ૨૦૨૦ ટી-૨૦ મેચમાં અમે કેટલીક વખત સ્થિતિઓને ઝડપથી બદલાતા જોઇ છે પરંતુ વર્ષ ૨૦૨૦એ બધાને પાછળ છોડી દીધુ છે. આપણો દેશ અને આખી દુનિયાએ આ વર્ષે ઉથલ પાથલ જોઇ છે. પીએમ મોદીએ કહ્યુ કે, સારી વાત એ છે કે કોરોનાને કારણે સ્થિતિ જેટલી જલ્દી બગડતી ગઇ તેટલી ઝડપથી સુધરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ, આજે ભારતના ખેડૂતો પાસે પોતાના પાક મંડીઓની સાથે બહાર પણ વેચવાનો વિકલ્પ છે. આજે ભારતમાં મંડીઓનું આધુનિકિકરણ થઇ રહ્યુ છે, ખેડૂતોને ડિઝિટલ પ્લેટફોર્મ પર પાક વેચવા અને ખરીદવાનો પણ વિકલ્પ આપ્યો છે. જેનાથી ખેડૂતોને નવા વિકલ્પ અને નવા બજાર મળશે.

આજે ભારતમાં કોર્પોરેટ ટેક્સ વિશ્વમાં સૌથી ઓછો છે. ઈસ્પેક્ટર રાજ અને ટેક્સના જંજાલને પાછળ છોડી ભારત પોતાના ઉદ્યમિઓ પર વિશ્વાસ કરી રહ્યો છે અને આગળ વધી રહ્યો છે. પીએમ મોદીએ કહ્યુ કે જ્યારે એક સેક્ટર વિકસિત કરે છે તો તેનો વિકાસ બીજા સેક્ટરો પર પણ પડે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે ખેતીમાં જેટલુ ખાનગી વિસ્તાર દ્વારા રોકાણ કરવુ જોઇતુ હતું તેટલુ રોકાણ કરવામાં નથી આવ્યુ. ખાનગી ક્ષેત્રએ કૃષિ ક્ષેત્રને એક્સપ્લોર નથી કર્યુ. પીએમ મોદીએ કહ્યુ કે કૃષિ ક્ષેત્રમાં ખાનગી કંપનીઓ સારૂ કામ કરી રહી છે પરંતુ તેમણે હજુ વધુ સારૂ કામ કરવાની જરૂર છે.

વડાપ્રધાન મોદીએ કહ્યુ કે છેલ્લા ૬ વર્ષમાં વિશ્વએ ભારતમાં વિશ્વાસ બતાવ્યો છે અને આ વિશ્વાસ છેલ્લા ૬ મહિનામાં વધુ મજબૂત બન્યો છે. પીએમ મોદીએ કહ્યુ કે પછી તે FDI હોય કે પછી FPI વિદેશી રોકાણકારોએ ભારતમાં રેકોર્ડ રોકાણ કર્યુ છે અને આગળ પણ કરી રહ્યા છે.PM મોદીએ કૃષિ સુધારાની ચર્ચા કરતા કહ્યુ કે નવા કૃષિ સુધારાથી ખેડૂતોને ફાયદો થવાનો છે. વડાપ્રધાન મોદીએ કહ્યુ કે કૃષિ સાથે જોડાયેલી તમામ વસ્તુ પરથી દિવાર હટાવી રહ્યા છીએ. નવા કૃષિ કાયદાથી ખેડૂતોને નવા બજાર મળશે. નવા કૃષિ કાયદાથી ખેડૂતોની આવક વધશે. પીએમ મોદીએ કહ્યુ કે કૃષિ ક્ષેત્રમાં રોકાણથી ખેડૂતોને ઘણો ફાયદો થશે, તેમણે નવા વિકલ્પ મળશે, નવુ બજાર મળશે.વડાપ્રધાન મોદીએ ઉદ્યોગપતિઓને સંબોધિત કરતા કહ્યુ કે મહામારીના સમયમાં ભારતે નાગરિકોના જીવનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે, તેમણે કહ્યુ કે કોરોના કાળ દરમિયાન ભારતે જે નિર્ણય કર્યા તેનાથી પુરી દુનિયા ચોકી ગઈ છે.

# દેશમાં કુલ કોરોનાના કેસ ૯૮ લાખને પાર: ૨૪ કલાકમાં 30 હજારથી વધુ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતમાં કોરોના વાયરસ સંક્રમણની ગતિ ધીમી પડી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૩૦,૦૦૫ કેસ સામે આવ્યા છે અને ૪૪૨ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં લગભગ ૩ હજારથી વધુ એક્ટિવ કેસ ઓછા થયા છે. અત્યાર સુધી દેશમાં ૯૩,૨૪,૩૨૮ લોકો કોરોનાને માત આપી સાજા થયા છે. પરંતુ ૧,૪૨,૬૨૮ લોકોના કોરોનાને કારણે મોત થયા છે. પરંતુ ભારતમાં મૃત્યુદર ઘણા દેશોની તુલનાએ ઓછો છે. ભારતમાં અત્યાર સુધી ૯૮,૨૬,૭૭૫ લોકો કોરોના વાયરસથી સંક્રમિત થઈ ચુક્યા છે. આ વચ્ચે સારા



સમાચાર છે કે ભારતમાં જલદી કોરોના વેક્સિન આવવાની આશા છે. ત્યારબાદ સ્થિતિમાં સુધારો થઈ શકે છે.કોરોના સંક્રમણની જાણકારી મેળવવા માટે દેશમાં કોરોના ટેસ્ટની સંખ્યા ૧૫ કરોડને પાર થઈ ગઈ છે. છેલ્લા એક કરોડથી વધુ ટેસ્ટ ૧૦ દિવસ દરમિયાન કરવામાં આવ્યા છે. વધુ ટેસ્ટથી સંક્રમણના દરમાં ઘટાડો કરવામાં મદદ મળી છે. સક્રિય કેસોમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યુ કે, દેશમાં સતત ૧૨ દિવસથી કોરોના વાયરસ સંક્રમણના ૪૦ હજારથી ઓછા કેસ સામે આવી રહ્યાં છે.

સીએસઆઈઆર-સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલિક્યુલર બાયોલોજી (સીસીએમબી) તથા એપોલો હોસ્પિટલે ગુરૂવારે સંયુક્ત રૂપથી કોરોના રેપિડ ટેસ્ટ કિટનું નિર્માણ અને તેના વ્યવસાય માટે સમજુતીની જાહેરાત કરી છે. સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સીસીએમબી તથા એપોલો હોસ્પિટલ એન્ટરપ્રાઇઝ કોરોના ટેસ્ટિંગ માટે એમ્પલીફિકેશન રેપિડ આરટી-પીસીઆર (ડીએસઆરઆરટી-પીસીઆર)ના નિર્માણ અને વ્યવસાય માટે સહયોગ કરશે.

# ઑક્ટોબરમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૩.૬ ટકાનો વધારો નોંધાયો



ન્યુ દિલ્હી,તા.૧૨

કોરોના અને લોકડાઉનના કારણે કથળેલી દેશની ઈકોનોમીની વચ્ચે રાહતની એક ખબર પણ આવી છે.જે પ્રમાણે ઓક્ટોબરમાં દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૩.૬ ટકાનો વધારો થયો છે.જાહેર થયેલા આંકડા પ્રમાણે ઓક્ટોબરમાં ઔદ્યોગિક પ્રોડક્શનમાં ગ્રોથ જોવા મળી છે અને તે આઠ મહિનામાં સૌથી વધારે છે.

દેશમાં ફેકટરી ઉત્પાદન પોઝિટિવ રહ્યુ હોય તેવો સત બીજો મહિનો છે.સતત ૬ મહિના સુધી ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડો નોંધાયા બાદ સપ્ટેમ્બરમાં ૦.૨ ટકાનો મામૂલી ગ્રોથ જોવા મળ્યો હતો.જોકે ઓક્ટોબરમાં ઔદ્યોગિક ઉત્પાદનના ગ્રોથમાં ખાસો વધારો જોવા મળ્યો છે.વધારા માટે ઈલેક્ટ્રિસિટી અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો સારો દેખાવ સૌથી વધુ જવાબદાર છે.ઈલેક્ટ્રીસિટી સેક્ટરમાં ૧૧.૨ ટકાનો અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ૩.૫ ટકાનો ગ્રોથ નોંધાયો છે.

જોકે માઈનિંગ સેક્ટરના ગ્રોથમાં ૧.૫ ટકાનો ઘટાડો થયો છે.રિઝર્વ બેક્ન પહેલા પણ કહી ચુકી છે કે, દેશની ઈકોનોમીમાં રિકવરી શરુ થઈ ચુકી છે.ત્રીજા ક્વાર્ટરમાં દરેક ક્ષેત્રમાં ગ્રોથ જોવા મળી શકે છે.જોકે હાલમાં ઓવરઓલ ઈકોનોમીની વાત કરવામાં આવે તો રીકવરીના ખાસ સંકેત મળ્યા નથી, સરકારે જે રાહત પેકેજ જાહેર કર્યા હતા તેની ઝાઝી અસર જોવા મળી નથી.

# રાફેલ જેટ્સમાં ઉમેરાયું અભેદ્ય હથિયાર: હેમર મિસાઇલનો સમાવેશ

## આ એક ગાઈડેડ મિસાઈલની માફક કામ કરે છે અને બોમ્બની માફક પણ



ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતીય વાયુસેનાનો ભાગ બની ચુકેલા રાફેલ યુદ્ધ વિમાન પોતાના દુશ્મનોનો ખાતમો બોલાવવા સંપૂર્ણ રીતે તૈયાર છે. આ યુદ્ધ વિમાન માટે એરફોર્સે જે ખાસ હથિયાર HAMMERની માંગણી કરી હતી તેનો ફ્લાઈટ ટેસ્ટ કરવામાં આવ્યો છે. HAMMER એક એવુ હથિયાર છે જે GPS વગર પણ પોતાના ટાર્ગેટનો શોધીને ખાતમો બોલાવી શકે છે.દક્ષિણ-પશ્ચિમી ફ્રાંસમાં આ મિસાઈલના ૧,૦૦૦ કિલોના વર્ઝનનો રાફેલ સાથે ફ્લાઈટ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. લગભગ ૧૨૦૦ કિલો વજન ધરાવતી SCALP ક્રુઝ મિસાઈલ પણ રાફેલ વડે દાગી શકાશે. આ મિસાઈલ પણ ભારત આવનારા રાફેલ વિમાનનો મહત્વનો ભાગ રહેશે.HAMMER મિસાઈલની રેંજ્ઞ ૨૦ થી ૭૦ કિલોમીટર સુધીની હોઈ શકે છે. એટલે કે લોન્ચ એરક્રાફ્ટ દુશ્મનના એર ડિફેંસ સિસ્ટમની નજરમાં ના આવી શકે. ખાસ વાત એ છે કે, વિસ્તાર ગમે તેવો હોય પણ આ મિસાઈલ દુશ્મનને શોધીને પાર પાડ્યે છુટકો કરે છે. આ મિસાઈલને ઓછી ઉંચાઈ અને પહાડી વિસ્તારમાં પોતાનો શિકાર શોધવામાં મહારત હાંસલ છે. માટે જ રાફેલને ચીન અને પાકિસ્તાન સરહદે તૈનાત કરવાની આતુરતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે.આ એક ગાઈડડ મિસાઈલની માફક કામ કરે છે અને બોમ્બની માફક પણ. આ એક મોડ્યુલર હથિયાર છે. જેનો અર્થ એ થયો કે તેને ચલાવવા માતે કોઈ ખાસ પ્રકારની વ્યવસ્થા કરવાની જરૂર નથી. તેને સેટેલાઈટ ગાઈડંસ, ઈન્ફ્રારેડ સીકર અને લેઝર દ્વારા ગાઈડ કરી શકાય છે.

HAMMER કિટને જુદી જુદી સાઈઝના બોમ્બ સાથે ફીટ કરી શકાય છે. આ મિસાઈલ ૧૨૫ કિલો, ૨૫૦ કિલો, ૫૦૦ કિલો અને ૧૦૦૦ કિલોના બોમ્બ છોડી શકે છે. ૧૦૦૦ કિલોનું જે વર્ઝનનો ફ્લાઈટ ટેસ્ટ થયો છે તે ભલભલા બંકરનું પણ નામોનિશાન મિટાવી શકે છે. આ મિસાઈલ કોંક્રિટના મજબુત કવરને પણ ભેદી શકે છે.

# સુરતમાં ૫૦૦ કરોડથી વધુના કામોનું મુખ્યમંત્રી રૂપાણીએ લોકાર્પણ કર્યું

## તંત્રી લેખ

### મ.પ્રદેશમાં ઇન્દોર સૌથી ઠંડુ શહેર રહ્યુ

## ગુજરાત સહિત અનેક રાજ્યોમાં કમોસમી વરસાદ, ઠંડીમાં થશે વધારો



*ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે. રાજ્યમાં કુલ ૧૪૨ તાલુકામાં વરસાદ પડ્યો હતો, જેમાં સૌથી વધારે સુરતના ઉમરપાડામાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. સાથે જ દેશના ઘણા રાજ્યોમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. શુક્રવારે ઉત્તર ભારતમાં હવામાનમાં પલટો આવ્યો હતો. ઉપરાંત તાપમાનમાં ૬ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાતાં આગામી ૪૮ કલાકમાં ઠંડી વધી શકે છે.*

*શુક્રવારે મધ્યપ્રદેશમાં ઈન્દોર સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. અહીં લઘુતમ તાપમાન ૧૯.૪ ડીગ્રી નોંધાયું હતું. રાજસ્થાનના ઉદયપુરમાં શુક્રવારે સવારે વરસાદ પડ્યો હતો. દિવસના તાપમાનમાં ૬.૬ ડીગ્રીનો ઘટાડો થયો હતો. દિલ્હીના અનેક વિસ્તારોમાં આજે સવારે વરસાદ પડ્યો હતો. સમગ્ર શહેરમાં પણ ધુમ્મસ છવાયું છે. સાથે જ હિમાચલમાં બરફવર્ષાને કારણે પંજાબમાં હવામાનમાં પલટો આવ્યો છે. શુક્રવારે મોડી રાત્રે લુધિયાણા, અમૃતસર, જલંધર સહિત અનેક જગ્યાએ વરસાદ પડ્યો હતો.*

*હરિયાણામાં જિંદ અને પાનિપત સહિતના કેટલાક જિલ્લામાં હળવો વરસાદ પડ્યો હતો. જ્યારે આગામી ૧૨થી ૧૫ ડિસેમ્બર સુધી ધુમ્મસ થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. જ્યારે પર્વત વિસ્તારમાં હિમવર્ષા થતાં તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે. રાજસ્થાનના અલવર અને આસપાસના વિસ્તારોમાં હળવો વરસાદ પડ્યો હતો, જેને કારણે તાપમાનનો પારો ૬ ડીગ્રી ઘટ્યો હતો. તો આ તરફ મધ્યપ્રદેશમાં ભોપાલ અને ઈન્દોરમાં પણ વરસાદ પડ્યો હતો. પંજાબ અને હરિયાણાના અનેક વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો હતો.*

*વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યૂલેશનનાં કારણે ગુજરાતના વાતાવરણ ઉપર અસર જોવા મળી રહી છે. ગઈકાલે કમોસમી વરસાદ અને આજે ધુમ્મસ ભર્યું વાતાવરણ સર્જાયું છે. આગામી ૨૪ કલાક વાતાવરણ યથાવત રહેશે અને દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદી ઝાપટા પડવાનું હવામાન વિભાગનું અનુમાન છે.*

## માવઠાથી થયેલા નુકશાનનું ખેડૂતોને અપાશે વળતરઃ મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઈએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, હાલ માવઠું થયું છે. જેથી ખેડૂતોને નૂકસાન થયું છે. આ અંગેનો તાત્કાલિક સર્વે કરવામાં આવશે. વિભાગ દ્વારા સર્વેની કામગીરી કરીને પછી તેનું ચૂકવણું કરવામાં આવશે.

ગાંધીનગર,તા.૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણી પાલ સ્થિત સંજીવ કુમાર ઓડિટોરિયમ ખાતે પાલિકાના ૪૩૧ કરોડ અને સુડાના ૮૨.૮૩ કરોડ મળી કુલ ૫૧૪.૧૫ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું છે. શહેરના બાંધકામ શ્રમિકોને પરિવહન માટે વાર્ષિક ધોરણે બસ પાસ અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રી રૂપાણીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, ઉભરાટના ૨૧૭ કરોડના બ્રિજને સરકારે મંજૂરી આપી છે.માવઠાથી ખેડૂતોને થયેલા નૂકસાનીનો સર્વે કરીને વહેલી તકે વળતર આપવામાં આવશે. વિકાસની હરણફાળમાં સતત અગ્રેસર તથા શહેરના સમતોલ વિકાસથી પ્રજાભિમુખ પ્રકલ્પોને આગળ ધપાવતી સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા અને રાંદેર ઝોનમાં સાકારિત સુમન હાઈસ્કૂલ, વાંચનાલય, ઈ-બસની સુવિધા અને વર્કિંગ વુમન હોસ્ટેલ



સહિતના વિવિધ પ્રકલ્પનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું છે.આ ઉપરાંત ૪૩૧.૩૨ કરોડના ખર્ચે શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં એનઆરસીપી યોજના અંતર્ગતના કામો, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈડબલ્યુએસના આવાસો, લિંબાયત-ડીંડોલી વિસ્તારને જોડતો રેલવે અંડરપાસ તથા નગર પ્રાથમિક શાળા, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ઓવરહેડ ટાંકી, આંગણવાડી, કોમ્યુનિટી હોલનું ખાતમુહૂર્ત થયું હતું. જ્યારે સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા સ્ આવાસ યોજના અંતર્ગત સાકારિત થનાર આવાસો, ખાડી પુલ તથા રોડ વિગેરેના અંદાજિત ૮૨.૮૩ કરોડના ખર્ચના વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ યોજાઈ હતી. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ગ્રોસ કોસ્ટ કોન્ટ્રાકટ મોડલથી ૧૫૦

### ૩ ઈલેક્ટ્રિક બસને રૂપાણીએ લીલીઝંડી આપી, પાલિકાના ૪૩૧.૩૨ કરોડ અને સુડાના ૮૨.૮૩ કરોડના કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

ઈલેકટ્રીક બસ લોકાર્પિત કરાઈ હતી. જ્યારે ૩ બસને લીલીઝંડી આપવામાં આવી હતી. રાજ્ય સરકારના મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિક પરિવહન યોજના હેઠળ સુરત શહેરના બાંધકામ શ્રમિકોને પરિવહન માટે વાર્ષિક ધોરણે બસ પાસ અર્પણ કરવામાં આવ્યા હતા.વધુમાં મુખ્યમંત્રી દ્વારા જૂન-૨૦૧૮થી ડિસેમ્બર-૨૦૨૦ દરમિયાન સુરત મહાનગરપાલિકા દ્વારા કરાયેલા વિવિધ વિકાસકાર્યોની માહિતી દર્શાવતી "વિકાસયાત્રા× પુસ્તિકાનું વિમોચન પણ કર્યું હતું. દિલ્હીમાં ચાલતાં ખેડૂત આંદોલન અંગે વિજયભાઈએ ઉમેર્યું હતું કે, દિલ્હીમાં ચાલતું ખેડૂતોનું આંદોલનમાં હવે ખેડૂતો રહ્યાં નથી. માત્ર રાજકારણ પ્રેરિત છે. રાજકીય રોટલા શેકવા માટે થઈને ખેડૂતોના નામનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રસી મુદ્દે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ભારતની જનતાને ખૂબ ઝડપથી રસી આપવામાં આવશે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. ચાર તબક્કામાં રસીનું કરવામાં આવશે.વિતરણ કેન્દ્ર સરકાર રસીને લઈને કરી રહી છે. ભારતની જનતાને ઝડપથી રસી મળે તે માટે વડાપ્રધાન કાર્યરત છે.

### રાજ્યમાં છવાયું ધુમ્મસઃ ૨૪ કલાકમાં ૧૪૨ તાલુકામાં કમોસમી વરસાદ પડ્યો

## છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના પાંચ તાલુકામાં દોઢ ઇંચ કરતા વધારે વરસાદ વરસ્યો

### રાજ્યના ૨૧ તાલુકામાં ૧ ઇંચ કરતા વધારે વરસાદ નોંધાયો

અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં આજે વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસરનો ત્રીજો દિવસ છે.

ત્રણ દિવસના વાતાવરણમાં પલટાની આગાહી વચ્ચે આજે સવારે ૬ થી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૨૮ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયો છે.

જેમાં નવસારીના વાંસદામાં સૌથી વધુ ૧.૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. તો ડાંગના વઘઈમાં ૧ ઈંચ જેટલો વરસાદ વરસ્યો નોંધાયો છે. તો બીજી તરફ, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૨ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો છે. હવામાન ખાતાની આગાહી મુજબ, ગુજરાતમાં ૧૦ થી ૧૨ ડિસેમ્બર સુધી વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસર હેઠળ વાતાવરણમાં પલટો આવ્યો છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને લૉ પ્રેશર સક્રિય થયું હોવાથી ઉત્તરથી લઈને દક્ષિણ ગુજરાત સુધીના ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં કાળાડિબાંગ વાદળો છવાઈ ગયા છે. શુક્રવારે ગુજરાતના ૧૩૬ તાલુકામાં માવઠું પડ્યું હતું. હવે ૨ દિવસ બાદ ગુજરાતમાં ઠંડીનું



જોર વધશે. ૨ દિવસ પછી ૩થી ૪ ડિગ્રી તાપમાનમાં ઘટાડો નોંધાશે. હજુ બે દિવસ રાજ્યમાં કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

આજે અને આવતીકાલે કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ પડી શકે છે.

હવામાનના પલટાની સીધી અસર ખેડૂતો પર પડી છે. ખેતરોમાં ઉભો પાક અને યાર્ડમાં પડેલો માલ પલળતાં ખેડૂતોને મોટાપાયે નુકસાન થયું છે. વડોદરાના પાદરા તાલુકામાં માવઠાના કારણે ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. વરસાદના કારણે કપાસ, ડાંગર, તુવેર સહિતના પાકને નુકસાન થયું છે. ખેડૂતોએ સરકાર પાસે સહાયની માગ કરી છે. ગુજરાતના મોટાભાગના શહેરોમાં મેઘ મહેર જોવા મળ્યા પછી અમદાવાદ, વડોદરા, રાજકોટ જેવાં શહેરોમાં ધીમી ધારે વરસાદ પડ્યો છે.

ત્યારે પાદરા પંથકમાં વરસાદના પગલે ખેડૂતોના ઊભા પાકને ભારે નુકસાન થયુ છે. પાદરાના વિવિધ ગામોમાં કપાસની ખેતી કરતા ખેડૂતોના પાકને ભારે નુકશાન થવા પામ્યું છે.

## સોમવારથી રાજકોટ મનપામાં શાસક-વિપક્ષના કામ પર લગામ, શાસક પક્ષે કહ્યું- કામનો સંતોષ

રાજકોટ,તા.૧૨

સોમવારથી રાજકોટ કોર્પોરેશનની સત્તાધીશોની સત્તા ઉપર લગામ લાગી જશે. રાજકોટના ઈતિહાસમાં પ્રથમવાર એવી ઘટના બનશે કે જેમાં વહીવટદાર ખુદ કોર્પોરેશનના કમિશનર ઉદિત અગ્રવાલ બની જશે. પરંતુ કમિશનર નીતિ વિષયક નિર્ણયો નહીં લઈ શકે. ત્યારે પ્રજા વચ્ચે રહેલા મેયર બીનાબેન આચાર્ય, સિનિયર કોર્પોરેટર અને વિપક્ષ નેતાએ પોતાના કામના લેખા-જોખા વર્ણવ્યા હતા. જેમાં શાસકને કામનો સંતોષ છે તો વિપક્ષને શાસકના કામનો અસંતોષ છે. સોમવારે મેયર સહિતના પદાધિકારીઓ, સમિતિના ચેરમેનોની ઓફિસોને તાળા અને બોર્ડ ઉતારી લેવામાં આવશે. રાજકોટના મેયર બીનાબેન આચાર્યએ જણાવ્યું હતું કે પ્રજા માટે હું કામ કરૂ છું અને આગામી સમયમાં પણ પ્રજા માટે કામ કરતી રહીશ.પાર્ટીએ જે જવાબદારી મને આપી હતી તેને મે સારી રીતે પૂર્ણ કરી છે. અમે વધારે એ પ્રયત્ન કર્યો હતો કે સારા સારા હોકર્સ ઝોન કરીને નાના-નાના વેપારીઓને એક જ જગ્યાએ કામ ધંધો થાય એવું આયોજન કર્યું હતું. જે અમે પૂર્ણ કર્યુ તેનો સંતોષ છે. મારો એક ડ્રીમ પ્રોજેક્ટ વિદ્યાર્થીઓ માટેનો હતો કે તેને સારામાં સારી મલ્ટી લેવલની જે પરીક્ષા આવતી હોય છે. વિદ્યાર્થી ઘરે વાંચી ન શકે અને બધુ મટિરિયલ લઈ શકતા ન હોય જેથી તેઓ એક જ જગ્યા પર બેસીને તૈયારી કરી શકે એવું હતું.

પણ આ પ્રોજેક્ટ અધૂરો રહી ગયો છે. આગામી ચૂંટણીમાં વિકાસ કામ માટેનો મારો મુદ્દો રહેશે. વોર્ડ નંબર એકના સિનિયર કોર્પોરેટર બાપભાઈ બિજલભાઈ આહિરે જણાવ્યું હતું કે અમે રામાદેવપીર ચોકડીનો ઓવરબ્રિજ અને એક નવો ગાર્ડન ખુલ્લો મૂક્યો છે. ટર્મ પૂરી થવામાં એક કોમ્યુનિટી હોલ છે જે મેં બજેટમાં મુક્યો છે. નાણાંવટી ચોક પાસે આવેલા પ્લોટમાં કોમ્યુનિટી હોલ બનાવવા માટેનો પ્રોજેક્ટ મૂક્યો છે. આગામી ટર્મમાં પણ પ્રજાના કામો થાય એ જ ઉદેશ છે. સાચા કામ કરવા હોય તો બધા થાય. ખોટા કામ કરવા હોય તો ન થાય આપણે તો સાચા કામ કરવા છે. આગામી ચૂંટણીમાં પાર્ટી જે મુદ્દો આપે અથવા તો ટિકિટ આપે તો લડવાની છે.

### પત્નીએ માર મારતા પત્નીનું ગળું દબાવી કરી હત્યા, આરોપી પતિ ઝડપાયો

સુરત,તા.૧૨

પુણાના મુક્તિધામ સોસાયટી વિસ્તારમાં અઠવાડિયા પહેલા પત્નીની હત્યા કરીને લાશને રૂમમાં સંતાડીને ભાગી જનાર આરોપી પતિની પુણા પોલીસે રાજસ્થાનથી ઝડપી પાડ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, દલાલો મારફત લગ્ન કરનાર યુવકને પત્નીએ માર મારતા પત્નીનું ગળું દબાવી હત્યા કરી, લાશ કોથળામાં પેક કરીને એક રાત સાથે ઉંઘ્યો હતો. ત્યારબાદ વતન રાજસ્થાન ભાગી ગયો હતો. સુત્રોના જણાવ્યા અનુસાર મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાનો નીમ્બાલી ગામનો વતની લીખારામ ઉર્ફ લક્ષ્મણ કેશારામ ચૌધરી હાલ સુરતમાં અર્ચના સ્કૂલ પાસે મુક્તિધામ સોસાયટીમાં મકાન નંબર ૬૫૦ની ટેરેસવાળી રૂમમાં રહેતો હતો.તેના થોડા મહિનાઓ પહેલા જ દલાલોના માધ્યમથી કૌશલ્યા નામની યુવતી સાથે લગ્ન કર્યા હતા. તે માટે દલાલોનો ત્રણ લાખ રૂપિયા આપ્યા હતા. પરંતુ લગ્ન બાદ કૌશલ્યા લીખારામ સાથે સારૂ વર્તન કરતી ન હતી. અવાર-નવાર ઝગડાઓ કરતી હતી. ૨-૩ ડિસેમ્બરની રાત્રે કૌશલ્યાએ લીખારામને માર માર્યો હતો. તેથી લીખારામને અપમાન જેવું લાગતું હતું. તેના મનને આ વાત લાગી આવી હતી. તે આખી રાત સુતો ન હતો. સવાર-સવારમાં લીખારામે કૌશલ્યા સુતેલી હતી ત્યારે દોરીથી કૌશલ્યાનું ગળું દબાવી હત્યા કરી હતી.

## રાજસ્થાન બાદ હવે બીટીપીએ ગુજરાતમાં પણ કોંગ્રેસને આપેલો ટેકો પાછો ખેંચ્યો

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં કોંગ્રેસને સૌરાષ્ટ્રમાં એક પછી એક બે ઝટકા પછી આજે દક્ષિણ ગુજરાતમાં મોટો ઝટકો લાગ્યો છે.


ભારતીય ટ્રાયબલ પાર્ટીએ રાજસ્થાનમાં કોંગ્રેસની ગેહલોત સરકારને આપેલો ટેકો પરત ખેંચ્યા પછી હવે ગુજરાતમાં પણ ટેકો પરત ખેંચ્યો છે. આ અંગે બીટીપીના અધ્યક્ષ છોટુભાઈ વસાવાએ ટ્વીટ કરીને માહિતી આપી છે અને જણાવ્યું છે કે, ગુજરાતમાં ભરુચ અને નર્મદા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ સાથેનું ગઠબંધન ખતમ થયું છે.

છોટુ વસાવાએ કારણ આપતાં જણાવ્યું હતું કે, રાજસ્થાનમાં અમારી સાથે દગ્ગો થયો છે. એટલા માટે અમે અહીં પણ ગઠબંધન તોડવાના છીએ.

### અંતરનાં આયનામાં....
### (લેખાંક - ૩૧)
### વર્ષા જાની

( ગતાંકનું અધૂરું )

એક જીવ બાળકી સ્વરૂપે પૃથ્વી પર જન્મ પામે ત્યારથી જ એક જગદમ્બાનું સ્વરૂપ અવતર્યું છે , એવો ખ્યાલ કે એ પ્રકારની માનસિકતા સમાજમાં લાવવી જરૂરી બની ગઈ છે. અથવા તો લોકોમાંસમાજની દરેક દીકરી માટેની સલામતીની સમજ સ્વયં પ્રગટ થાય તો ! હવે દીકરી, નારીરત્ન સલામત જ હોવું જોઈએ, એવો માનસ પલટો આવે એ હવે જરૂરી બની ગયું છે. નવરાત્રિમાં સમગ્ર જગ્યાએ નવ નવ દિવસ માતાજીની આરાધના કરવામાં આવે છે. પણ ઘરમાં, કુટુંબમાં, સમાજમાં કે દેશમાં કોઈપણ સ્વરૂપે રહેલી નારી રુપી મા જગદમ્બાનું સન્માન ન જળવાય કે રક્ષણ ન થાય તો.. તો.. આરાસુરી મા અંબે, જગદંબે કે માતા બહુચર બિલકુલ રાજી થતી જ નથી. ડુંગર વાળીની સાથે સાથે ઉંબર વાળીને પણ ખુશ રાખો. એની કદર કરો. તો જ ડુંગર વાળી ખુશ થાય.



નારી એટલે કાંઈ મનફાવે ત્યારે વિકૃત બનીને રહેંસી નાખવાની ચીજ વસ્તુ છે???ગમે એવી ગંદી વિચાસરણી ધરાવનારો કે કેળવનારો હેવાન પુરુષ પોતાની હેવાનિયતનો ભોગ ખૂબ ખરાબ રીતે કોઈ પણ સ્ત્રીને બનાવે એ બિલકુલ સાંખી લેવા જેવી વાત નથી જ. છતાં પણ ભયંકર રીતે ક્રૂરતાનો ભોગ બનેલી દરેક સ્ત્રીને સહન કરવું જ પડે છે ! પછી એમાં દિલ્હીની નિર્ભયા હોય કે હાથરસની કોઈ કન્યા! આવી અનેકોનેક ઘટના બન્યાં પછી થોડા દિવસ મીડિયાથી શરુ કરીને સામાજિક સંસ્થાઓ બધા થોડો વખત આવી ઘટનાઓને લઈને જબરો ઉહાપોહ મચાવે ! પણ પછી થોડો સમય પસાર થાય એટલે બધું જ હેઠું બેસી જાય શાંત પડી જાય, જાણે ફરીવાર એવી કોઈ ઘટના બને એટલે ફરી સમાચાર ચમકાવવા માટેનો જાણે કે મસાલો મળી જાય ! વળી પાછું બધુંય પાણીમાં... પણ આવા હેવાનો માટે તો કડક અને તત્કાલ સજાની જોગવાઈ હોવી જોઈએ, એણે જેવી ક્રૂરતા એક નારી પર, કુમળી કળી પર કરી હોય એવી જ, એનાથી પણ બદતર હાલત જાહેરમાં જનતાને સોંપી દઈ એને રિબાવી રિબાવીને અધમુઓ કરી પછી ફાંસીની સજા, અને એ પણ જાહેરમાં જ આપવી જોઈએ.જેથી કરીને ગમે તેવું અશ્લીલ જોઈને મનની વિકૃતિઓ પેદા કરીને ગમેતે ભોગે કોઈ સ્ત્રીની જિંદગી બરબાદ કરનાર રાક્ષસોને બોધપાઠ મળે તેવું સબક શીખવાડવું એ હવે જરૂરી બની ગયું છે. કેમકે મંથર ગતિએ વરસો વરસ ચાલતા આપણાં ભારતીય કાયદામાં આવા ગુનેગારને કોઈ એવી તો સજા મળતી જ નથી. એટલે જ કદાચ બળાત્કારની ઘટનાઓનું ખૂબ ઝડપથી પુનરાવર્તન વધતું જાય છે.

સમાજમાં મોટાભાગના કિસ્સામાં તો રક્ષક જ ભક્ષક બન્યાં હોય એવું પણ જોવા મળે છે. આપણામાં કહેવત છે કે સ્ત્રીએ સગા ભાઈ કે બાપનો પણ વિશ્વાસ ન કરાય! કહેવતો બની ક્યાંથી? સમાજમાં રહેનારા લોકો દ્વારા જ બનતી સામાજિક ઘટના માંથી કહેવત પ્રચલિત કરાતી હશે ! અને એ પણ એટલું જ સાચું છે ને? આ હળાહળ કળિયુગમાં હજી ય માનવતા સાવ મરી પરવારી નથી. જો કાયદો સજ્જડ બને, અને માણસ સુસજ્જ અને સજ્જન બને તો છાશવારે નારીના જીવન સાથે ચેડાં કરતી આવી કલંકિત ઘટનાઓનું પુનરાવર્તન થતું ચોક્કસ અટકાવી શકાય.

કોઈ ઘટના ઘટે પછી મોટાં મોટાં બણગાં ફૂંકીને રાજકીય રોટલા શેકવાને બદલે કટ્ટર પગલાં લેવાનો સમય હવે પાકી ગયો છે.

બસ હવે તો આવા વિકૃત ગુનેગાર માટે જરૂરી છે ધારદાર કાયદા દ્વારા સખત અને સઘન પગલાંની.

શ્રીમદ્દભગવદ્દગીતામાં સંભવામિ યુગે યુગેનું વચન આપનાર ભગવાન શ્રીકૃષ્ણને અવતરણ કરવાનો સમય પાકી ગયો છે.

વર્ષા જાની
૧૩ ડિસેમ્બર ૨૦૨૦
ભાવનગર

### અધ્યક્ષ પાટીલે રાજ્યના ખેડૂતોની આવક દોઢ લાખ કરોડ ગણાવી, ભાન થતાં પોસ્ટ ડિલિટ કરી

ગાંધીનગર,તા.૧૨

દેશમાં ખેડૂત આંદોલનની આગ લાગી છે ત્યારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે સોશિયલ મીડિયામાં ખેડૂતોને નામે એક પત્ર લખી દાવો કર્યો હતો કે ૨૦૦૨માં ગુજરાતના ખેડૂતોની વાર્ષિક આવક અંદાજે રૂપિયા ૯૦૦૦ કરોડ હતી, જે આજે વધીને દોઢ લાખ કરોડથી વધુ થઈ છે, એટલે કે ખેડૂતોના ઘામાં મરચું ભભરાવતા પાટીલના આ દાવા મુજબ ૧૮ વર્ષમાં ગુજરાતના ખેડૂતોની આવક ૧૬ ગણી વધી છે.

એક તરફ, ગુજરાતના ખેડૂતો પાયમાલીના પંથે છે તો બીજી તરફ, પાટીલ કહે છે કે ખેડૂતોએ જંગી કમાણી કરી છે. તેમના દાવા મુજબ, ગુજરાતના ખેડૂતો મહિને રૂ. ૨૪,૦૦૦ની કમાણી કરે છે, જ્યારે કેન્દ્ર સરકારની કૃષિ પોકેટ બુકના આંકડા મુજબ, ગુજરાતના ખેડૂતની માસિક આવક માત્ર રૂ. ૩૫૦૦ જ છે.

પાટીલને પોતે બફાટ કર્યાનું ભાન થતાં જ બે કલાકમાં જ પોસ્ટ ડિલિટ કરી હતી.પાટીલે પણ આ આંકડાઓ ક્યાંથી લીધા છે એનો ઉલ્લેખ કર્યો નહોતો. તેમના દાવા મુજબ, ૨૦૦૨માં ખેડૂતોની વાર્ષિક આવક ૯૦૦૦ કરોડની હતી.

## ભરૂચમાં મુખ્યમંત્રીએ ૩૮૫ કરોડની વિવિધ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહુર્ત કર્યું

ભરૂચ,તા.૧૨ઃ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દક્ષિણ ગુજરાતના ભરૂચમાં ૩૮૫ કરોડની વિવિધ પાણી પુરવઠા યોજનાના ખાતમુહુર્ત કર્યું હતું. રૂપાણીએ જણાવ્યું કે, કોરોના કાળમાં પણ આ સરકારે આ વર્ષના બજેટમા થયેલા વિકાસ આયોજનો પાર પાડવાનો યજ્ઞ આદર્યો છે. ભરૂચ જિલ્લાની આ યોજનાઓ પૂર્ણ થતા ૧૯૮ ગામો, ૪ શહેરોને શુદ્ધ જળ મળતુ થશે. તેમણે કહ્યું કે, સરકારનું બજેટ માર્ચ મહિનામાં પસાર થયું ને તુંરત જ કોરોના સંક્રમણ વિશ્વમાં વ્યાપી ગયું, આમ છતા "જાન હે, જહાન ભી હે" ના પ્રધાનમંત્રીના ધ્યેયને વાચા આપી રાજ્ય સરકારે આર્થિક ગતિવિધિઓ, વિકાસના કામો સમયબદ્ધ ઉપાડ્યા છે. અત્યાર સુધીમાં ૨૦ હજાર કરોડના વિકાસકામોની ભેટ કોરોના સંક્રમણ વચ્ચે પણ લોકોને આપી છે એવો સ્પષ્ટ મત તેમણે દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ પાણી, શિક્ષણ, આરોગ્ય જેવી પાયાની સુવિધાઓના વિકાસકામો પણ એ જ ત્વરાએ વેગવાન કર્યા છે તેમ ઉમેર્યુ હતું. પાણીને વિકાસનો આધાર બનાવીને ઘરે ઘરે, ગામે ગામ પાણી પુરતું મળે તે માટે છેલ્લા પાંચ દિવસોમાં જ ૨૫૦૦ કરોડના પાણી પુરવઠાના વિવિધ કામો રાજ્યભરમાં શરુ થયા છે. વિજય રૂપાણીએ ગુજરાતમાં પાણીના દુકાળને ભૂતકાળ બનાવવાનો નિર્ધાર પુનઃ વ્યક્ત કરતા ઉમેર્યું કે, પાણીના નવા સ્ત્રોત, સુજલામ સુફલામ યોજના, નર્મદા-ઉકાઈ-કડાણા જળાશયો આધારિત યોજનાઓથી છેક કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પાણી પહોંચાડ્યા છે. ભરૂચના વાલિયા ખાતે અંદાજીત રૂ. ૩૮૫ કરોડના ખર્ચે આકાર પામનારી વધુ ચાર પાણી પુરવઠા યોજનાઓનુ ખાતમુહુર્ત કરી આ યોજનાઓ પૂર્ણ થતા ભરૂચ જિલ્લાના પૂર્વપટ્ટીના વાલિયા, ઝગડિયા અને નેત્રાંગ તાલુકાઓ આગામી દિવસોમાં નંદનવન બનશે તેમ જણાવ્યું હતું.ભરૂચ જિલ્લાના વાલિયા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ "જ્યાં માનવી ત્યાં સુવિધા"ના ધ્યેય સાથે આગળ વધી રહેલી રાજ્ય સરકારના અભિગમનો ખ્યાલ આપી આદિવાસી પ્રદેશના સર્વતોમુખી વિકાસની નેમ વ્યક્ત કરી હતી.

### આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે ગોપાલ ઈટાલિયા નિમાયા

અમદાવાદ,તા.૧૨

આમ આદમી પાર્ટીએ હવે ગુજરાતની આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગોપાલ ઈટાલિયાને ગુજરાત પ્રદેશ પ્રમુખ બનાવ્યા છે. આ એ જ ગોપાલ ઈટાલિયા છે, જેઓ ધંધૂકા ડેપ્યુટી કલેક્ટર ઓફિસમાં ક્લર્ક તરીકે ચાલુ નોકરીએ હતા, ત્યારે વિધાનસભા સંકુલમાં ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા પર ચંપલ ફેંક્યું હતું. એ પહેલાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને ફોન કરીને તેમની સાથેની ચડભડનો ઓડિયો વાઈરલ થતાં પણ ઈટાલિયા ચર્ચામાં આવ્યો હતો. ગોપાલ ઈટાલિયા જેવા ફાયરબ્રાન્ડ અને ગુજરાતમાં ભાજપ સરકાર પર ભ્રષ્ટાચારના સણસણતા આક્ષેપો કરવા માટે જાણીતા નેતાની પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂક કરીને આપએ સાત મ્યુનિ.ની ચૂંટણીમાં એન્ટ્રીનું બ્યૂગલ વગાડી દીધું છે.એક સમયે પાટીદાર અનામત આંદોલનનો જુવાળ હતો ત્યારે હાર્દિકનું જબરદસ્ત ફેનફોલોઈંગ હતું.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001